# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## સાચો મિત્ર કેવો હોય ?

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

વ્હાલા ભક્તો ! મિત્રો ઘણા બધા હોય છે. તાળીયા, લાળીયા, ચપટીયા વગેરે વગેરે.... પણ આજે આપણે સાચા મિત્ર કેવા હોય તેની વાત વાંચીએ.

સ્વામિનારાયણ ભગવાન સંતોને કહે છે - ''હે સંતો ! જગતના જીવને ભગવાનની દિવ્ય અમૃતમય કથાનો કોઈ દિવસ અનુભવ થયો નથી એને તમે અનુભવ કરાવો છો.'' કોની જેમ ? તો કહે છે. ગીંગા અને ભ્રમરની જેમ.

વાત એમ છે કે મિત્રો ! તમને ખ્યાલ હશે, ગીંગો છાણનું જીવડું છે. એ છાણમાં આડું અવળું થયા કરે. જગતમાં પુષ્પની સુગંધનો કેવો આનંદ છે એની એને ખબર ન હોય. આ ગીંગાને અને એક ભમરાને મિત્રતા થઈ ગઈ. એકવાર  આ ભમરો ગીંગાને પોતાની પાંખ ઉપર બેસાડીને સરસ મજાના બગીચામાં ફરવા લઈ ગયો. ત્યાં ભમરાએ ગીંગાને ઉપાડીને તાજા ખીલેલાં ગુલાબના પુષ્પ ઉપર મુક્યો. પછી પૂછ્યું. કંઈ સુગંધ આવે છે ? ના, આપણે તો એજ છાણની જ ગંધ આવે છે. પછી તો ભમરાએ મોગરાના પુષ્પ પર મુક્યો તોય એ જ કહ્યું કે મને તો છાણની જ ગંધ આવે છે. આમ ભમરાએ બગીચાનાં બધાય સારા સારા પુષ્પો પર એને બેસાડ્યો પણ એને કોઈ સુગંધ આવી નહી. એટલે છેવટે આ ભમરાને વિચાર થયો કે આમાં કંઈક ગરબડ છે. એટલે એકબાજુ ખેડૂતનો કોષ ચાલતો હતો અને પાણી વહેતું હતું. એટલે આ ગીંગાને એ પાણીમાં નાંખ્યો એટલે આ જીવડું પાણીનું નહી તેથી બેબાકળું થઈ ગયું. અને માડ્યું છીંકુટા મારવા. એટલે પછી ભમરાએ તરત ઉપાડી લીધો. અને ભમરાને થયું કે હવે બરાબર છે. પછી એને ફરીથી પુષ્પ ઉપર મુક્યો એટલે ગીંગો નાચી ઉઠ્યો આ....હા.....હા.... શું સુગંધ છે !! હવે સુગંધ આવી પેલા નહોતી આવતી.

એનું કારણ હતું કે ગીંગાના નાકમાં છાણ ભરાઈ ગયું હતું. ગુલાબ ઉપર બેસાડે કે મોગરા ઉપર પણ સુગંધ ન જ આવે. પછી પાણીમાં નાંખ્યું અને છીંકુટા માર્યા એટલે છાણ નીકળી ગયું. પછી જઈને ફૂલ ઉપર મુક્યો એટલે ગીંગાને સુગંધ આવી.

મિત્રો ! એમ જ્યાં સુધી જગતનું, વિષયનું છાણ મગજમાં ભર્યું હોય ત્યાં સુધી સત્સંગિભૂષણ વાંચો કે ભાગવત વાંચો સુગંધ જ ન આવે. જ્યાં સુધી નાકમાંથી કચરો નીકળી ન જાય ત્યાં સુધી કથાનો આનંદ ન આવે.

એટલે સંતો શું કામ કરે છે ? સ્વામિનારાયણ ભગવાન કહે છે, ''તમે જીવના સાચા મિત્રો છો. જેમ પેલો ભમરો ગીંગાનો મિત્ર થયો તો એનું નાક સાફ કરાવ્યું એમ સાધુપુરુષો જીવમાં જે કુબુદ્ધિ છે, જીવમાં જે ગંદકી ભરી છે એ ભક્તિમાં કે જપમાં બેસારી સાફ કરાવે છે. ભજનમાં બેસો, ધૂનમાં બેસો, માળા ફેરવો, મંદિરમાં આવો, ચાતુર્માસમાં વિશેષ નિયમ લ્યો. જેમ ભમરાને ગીંગા પાસેથી કંઈ મેળવવાનું નહોતું. ગીંગો એને કાંઈ આપી શકે એમ ન હતો. એમ સાધુ પુરુષોએ જગતના જીવ પાસેથી કાંઈ લેવાનું હોતું નથી. કોઈ આશા કે અપેક્ષા હોતી નથી. ભગવાનનું ભજન કરો અને તમે સુખી થાવ. ભગવાને આ ધરતી પર જે લીલા કરી, જે ચરિત્રો વિસ્તાર્યા છે એના શ્રવણમાં એના કીર્તનમાં, એના ભજનમાં કેવો આનંદ છે ? તે જુઓ. જગતના વિષય અને વાસનારૂપી છાણમાં શું પડી રહ્યા છો ? છાણમાં કલબલ કર્યા કરો એના કરતા કથામાં આવો. ઉપાડી ઉપાડીને એટલે કે પ્રેરણા કરી કરીને બોલાવે. આવો ભાઈ, પધારો.... સત્સંગમાં બેસો, પછી એનું અંતર નિર્મળ થાય ભજનની, સત્સંગની સુવાસ જીવનમાં આવે છે. એ રીતે પામર જીવ વિષયનો કીડો મટી ભગવાનનો ભક્ત બની જાય છે.

મિત્રો ! આમ જે નિઃસ્વાર્થ ભાવે જીવનું શ્રેય કરે તેવા સંતો જીવના સાચા સગા છે. સાચા મિત્ર છે. માટે જ કહ્યું છે કે -

**સંત સગા હરિજન સગા**
**અંત સમય મે રામ**
**તુલસી યે સંસારમેં**
**તીનું ઠરન કે કામ.**

●

## શત્રુ કોને કહેવાય ?

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

સ્વામિનારાયણ ભગવાન ભક્તવત્સલ છે. કારણ કે ભગવાનને પોતાના ભક્તજનો બહુ વ્હાલા છે. એનો પુરાવો શ્રીહરિએ સ્વહસ્તે લખેલી શિક્ષાપત્રી છે. શ્રીહરિએ પોતાના ભક્તોને ક્યારે પણ કોઈ તકલીફનો સામનો કરવો ન પડે તેના માટે શિક્ષાપત્રીમાં ઝીણીઝીણી બાબતોને ખૂબજ સુંદર રીતે વણી લીધી છે. જે વ્યક્તિ શિક્ષાપત્રીની આજ્ઞાઓને વ્યવસ્થિત રીતે અનુસરે તો તેને કોઈ દુઃખી ન કરી શકે તેવું આ શિક્ષાપત્રીની આજ્ઞાના પાલનનું મહત્વ છે.

આજકાલ આપણે જોઈએ છીએ કે જ્યાં ને ત્યાં સ્વચ્છતા જાળવવાની અપીલો કરવામાં આવે છે. સ્વચ્છતા ન જાળવનાર પ્રત્યે દંડની જોગવાઈઓ વિષે વિચાર થઈ રહ્યો છે ત્યારે આજની ૧૯૦ વર્ષ પહેલા લખાયેલી શિક્ષાપત્રીમાં ઈષ્ટદેવ શ્રીહરિએ - ''જ્યાં ત્યાં થૂંકવું નહીં, નદી-તળાવના આરા, દેવાલય, વાડી કે વૃક્ષની છાયા વગેરે સ્થાનકોએ મળમૂત્ર કરવા નહી,'' એક સ્થાનકે બેસી દાતણ કરવું. ''વગેરે જેવા નિયમોને આ નાનકડી શિક્ષાપત્રીમાં સમાવી દીધાં છે. તો આવો આપણે સ્વચ્છતા પ્રત્યેની પ્રેરણાનો એક પ્રસંગ વાંચીએ.

એક વખતની વાત છે - શ્રીજી મહારાજ ઉનાળાના ધોમધખતા સમયમાં એક ગામથી બીજે ગામ જઈ રહ્યા હતા. તાપ ઘણો હોવાને લીધે બધાને વિશ્રાંતિ લેવાની ઈચ્છા થઈ. દૂર દૂર એક આંબાનું વૃક્ષ દેખાયું એટલે શ્રીજી મહારાજ અને સંતો-ભક્તોએ વિચાર્યું કે તે આંબાના વૃક્ષ નીચે બેસીને વિસામો લઈએ. જ્યારે બધા આંબાની નજીક પહોંચ્યા ત્યારે ખબર પડી કે કોઈ માણસ આ વૃક્ષની નીચે બગાડી ગયેલ છે. તેથી ત્યાંથી આગળ ચાલી થોડે દૂર એક વટવૃક્ષ હતું તેની નીચે જઈ સંતો-ભક્તો સાથે શ્રીહરિ વિશ્રાંતિ લેવા બેઠા.

વિશ્રાંતિ લેતા લેતા મહારાજે આગળ બની ગયેલી એક વાત અને આંબાના વૃક્ષની વાતને સાંકળીને કહ્યું કે - ''સસલાને મારનાર પેલો કૂતરો તે સસલાનો સાચો મિત્ર છે અને આંબાના વૃક્ષ નીચે બગાડી જનાર જે તે માણસ તે આંબાનો શત્રુ છે.''

સસલા વાળી વાત એમ હતી કે - મહારાજની અસવારી સાથે સાથે એક કૂતરો પણ ચાલતો હતો. તેની નજર સસલા પર પડતા જાતી સ્વભાવને આધારે તેણે સસલા પર તરાપ મારી. આ દ્રશ્ય શ્રીહરિએ જોતા હાકોટો માર્યો તેથી કૂતરું નાસી ગયું પણ સસલું તરફડીયા મારવા લાગ્યું. દયાળુ શ્રીહરિએ સસલાને પાણી પાયું અને થોડી જ ક્ષણોમાં મહારાજની હાજરીમાં જ સસલું મૃત્યુ પામી ગયું.

આંબાની વાતને આ વાત સાથે સરખાવતા શ્રીહરિ બોલ્યા પણ તેથી હરિભક્તોને ખ્યાલ ન આવ્યો કે કૂતરો કેવી રીતે મિત્ર અને પેલો માણસ એ કેવી રીતે શત્રુ ? તેથી ભક્તો મહારાજને વિનંતી કરવા લાગ્યા કે, હે પ્રભુ ! એ વાત અમને વિસ્તારપૂર્વક સમજાવો.

ભક્તવત્સલ શ્રીહરિ મંદ હાસ્યેસહિત ભક્તોને કહેવા લાગ્યા. હે ભક્તો ! કૂતરાએ જાતિસ્વભાવે સસલાં પર પ્રહાર કર્યો પણ તેના લીધે સસલાને અમારા હસ્તે જળ મળ્યું અને તેનું મૃત્યુ અમારી હાજરીમાં થયું. જેથી એ જીવનું કલ્યાણ થયું તેથી તે શ્વાન તે સસલાંનો મિત્ર ગણાય. હવે બીજી વાત કે આપણે વિચાર્યું હતું કે પેલા આંબાની છાયામાં જઈને આપણે વિશ્રાંતિ કરીશું. જો કોઈ માણસ તે આંબા નીચે બગાડી ગયો ન હોત ને આપણે બધાએ તે આંબા નીચે વિશ્રાંતિ લીધી હોત તો એ આંબાનું કલ્યાણ થાત, આટલા બધા સંતો, ભક્તો અને અમને વિશ્રાંતિ આપવાની સેવા તે આંબો કરી શક્યો હોત. પણ તેના કોઈ શત્રુએ તે સારી જગ્યા બગાડી નાંખી તેથી તેના કલ્યાણમાં વિક્ષેપ પડ્યો. જીવનો મોક્ષ બગાડે તે શત્રુ કહેવાય.

પેલા માણસને તેના આ કાર્ય બદલ શ્રીહરિના મુખે 'તે આંબાના શત્રુ''નું બિરૂદ મળી ગયું. સાથે સાથે ઘણાં બધા સંતો-ભક્તોના હૃદયનો ફીટકાર પણ મળ્યો. આવું દુઃખ કે આવી મુશ્કેલી પોતાના ભક્તજનોને ન ભોગવવી પડે તેથી ભક્તવત્સલ શ્રીહરિએ પોતાના ભક્તજનોના સુખ માટે આવી અનેક આજ્ઞાઓ કરી છે.

બાળ મિત્રો ! ખ્યાલ આવ્યો ને - શ્રીહરિએ શિક્ષાપત્રીમાં કરી છે તે આજ્ઞાઓને જીવનમાં ઉતારશો, તેનું પાલન કરશો તો ક્યારે પણ દુઃખી થવું નહી પડે અને ઈષ્ટદેવનો રાજીપો પ્રાપ્ત થશે.